RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 01 Date: 21.10.2023,Saturday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોદીએ દેશને તેની પ્રથમ રેપિડ રેલ્ રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમની ભેટ આપી






ગાઝિયાબાદ,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે દેશની પ્રથમ હાઈ-સ્પીડ પ્રાદેશિક ટ્રેન, રેપિડ રેલ ટ્રાન્ઝિટ સિસ્ટમ (આરઆરટીએસ)નું ઉદ્‌ઘાટન કર્યું. આ પછી પીએમ મોદીએ કહ્યું કે તેમને નાના સપના જોવાની આદત નથી. તેઓ જે શિલાન્યાસ કરે છે તેનું ઉદ્‌ઘાટન પણ કરે છે. નમો ભારત ટ્રેન દેશની નવી ઓળખ બની છે. તેણે કહ્યું કે આ તો માત્ર શરૂઆત છે. તેઓ દોઢ વર્ષમાં મેરઠથી દિલ્હી સુધીની નમો ભારત ટ્રેનનું પણ ઉદ્‌ઘાટન કરશે.

જાહેર સભા દરમિયાન, વડા પ્રધાને રિમોટ દબાવીને બેંગલુરુના બે મેટ્રો પ્રોજેક્ટ કોરિડોરનું ઉદ્‌ઘાટન કર્યું. આ પહેલા વડાપ્રધાને સાહિબાબાદ રેપિડએક્સ સ્ટેશનથી પ્રથમ ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. વડાપ્રધાને બાળકો સાથે સાહિબાબાદથી દુહાઈની યાત્રા પણ કરી હતી. આ દરમિયાન બાળકો અને ટ્રેન સ્ટાફ સાથે અનુભવો પણ શેર કરવામાં આવ્યા હતા. નવરાત્રિ દરમિયાન માતા કાત્યાયનીના આશીર્વાદનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, દોડવાથી માંડીને ટ્રેન ચલાવવા સુધી મહિલા શક્તિનો ફાળો છે. તેણે કહ્યું કે મારું બાળપણ રેલવે સ્ટેશન પર વીત્યું છે. આજે જ્યારે તેઓ આધુનિક ટ્રેનો જુએ છે ત્યારે અપાર આનંદ થાય છે.

પીએમ મોદીએ કહ્યું કે દાયકાના અંત સુધીમાં ઘણા રાજ્યોમાં નમો ભારત ટ્રેનનું સંચાલન શરૂ થશે. દેશમાં ટ્રેનોની હાલત ઝડપથી સુધરી રહી છે. દેશની પ્રથમ નમો ભારત ટ્રેન દેશને સમર્પિત કરવામાં આવી છે. નમો ભારત ટ્રેનોમાં આધુનિકતા, સુવિધા અને ગતિનું પ્રદર્શન કરી રહ્યું છે. આજનું ભારત દરેક ક્ષેત્રમાં અગ્રેસર ભૂમિકા ભજવી રહ્યું છે. વિશ્વમાં સૌથી વધુ ડિજિટલ ટ્રાન્ઝેક્શન ભારતમાં થઈ રહ્યા છે. ચંદ્રયાનની સફળતા, ૪૨૦ સમિટની સફળતા પછી દુનિયાની નજર આજના ભારત તરફ છે. આજનું ભારત એશિયન ગેમ્સમાં ૧૦૦થી વધુ મેડલ જીતી રહ્યું છે. ૫૫, મોબાઈલ, ટીવી, લેપટોપ બનાવતી કંપનીઓ ભારતમાં આવી રહી છે. ભારતે કોરોનાની રસી બનાવવામાં પણ પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. દેશનો યુવા વર્ગ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહ્યો છે. ટેકનોલોજીની દુનિયામાં ભારત એક મોટી શક્તિ તરીકે ઉભરી રહ્યું છે. નમો ભારત સંપૂર્ણપણે સ્વદેશી ટ્રેન છે.

હેલિકોપ્ટરના મોટા અવાજનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે મુસાફરી દરમિયાન મોટા અવાજથી બચવા માટે કાન બંધ કરવા પડે છે. હેલિકોપ્ટર એર ટ્રેક્ટર જેવું લાગે છે, જ્યારે નમો ભારતમાં એરપ્લેન જેવી સુવિધાઓ આપવામાં આવી છે. પણ અવાજ જ નથી આવતો.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દૂધેશ્વરનાથની ભૂમિને વંદન કરતા કહ્યું કે, કેન્દ્ર સરકારની મદદથી ઉત્તર પ્રદેશમાં પણ લોકોને સરળ મુસાફરી આપવા માટે જાહેર વાહનોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. રાજ્યના પાંચ શહેરોમાં મેટ્રો પ્રોજેક્ટ ઝડપી ગતિએ ચાલી રહ્યો છે. આગ્રામાં મેટ્રો પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ ફેબ્રુઆરી ૨૦૨૪માં કરવામાં આવશે. તેમણે કહ્યું કે બહેતર પ્રાદેશિક જોડાણ દરેક ક્ષેત્રમાં વિકાસ તરફ દોરી જાય છે. બનારસમાં રોપ-વે પર કામ ચાલી રહ્યું છે.

કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી હરદીપ પુરીએ કહ્યું કે મેટ્રો કનેક્ટિવિટીની સાથે પ્રાદેશિક પરિવહનમાં પણ સુધારો કરવામાં આવી રહ્યો છે. નમો ભારત ટ્રેને ભારતના શહેરી વિકાસમાં વધુ એક નવો અધ્યાય ઉમેર્યો છે. મેટ્રો સુવિધા આપનાર ભારત વિશ્વનો બીજો દેશ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ તબક્કા હેઠળ સાહિબાબાદથી દુહાઈ ડેપો સુધી દોડતી ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. આ દરમિયાન ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને રાજ્યપાલ આનંદીબેન પટેલ પણ હાજર રહ્યા હતા. આવતીકાલથી સામાન્ય નાગરિકો આ ટ્રેનમાં મુસાફરી કરી શકશે.

દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ આરઆરટીએસ કોરિડોરનો પ્રથમ તબક્કો ૧૭ કિલોમીટર લાંબો છે. એટલે કે હવે મુસાફરો ગાઝિયાબાદના સાહિબાબાદથી દુહાઈ ડેપો સુધી મુસાફરી કરી શકશે. સાહિબાબાદથી દુહાઈ ડેપો સુધીનું ટ્રેન ભાડું ૫૦ રૂપિયા રાખવામાં આવ્યું છે. તે જ સમયે, પ્રીમિયમ કોચ માટે ૧૦૦ રૂપિયા ચૂકવવા પડશે. ટ્રેનને લીલી ઝંડી બતાવ્યા બાદ પીએમ મોદીએ પણ તેમાં મુસાફરી કરી હતી. પીએમ મોદી સ્કૂલના બાળકો સાથે વાત કરતા જોવા મળ્યા હતા.

RNI No.: GUJGUJ/2014/59295 www.janfariyadnews.com
ન્યુઝ ઓફ ગાંધીનગર
NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

**આવતીકાલે "ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક" નો જન્મ દિવસ છે..૨૧-૧૦-૨૦૧૪ ના દિવસે આ દૈનિક નો હર્ષોલ્લાસ થી પ્રારંભ કરવામાં આવ્યો હતો...સૌ હિતેચ્છુ પત્રકારો, લેખકો,સાહિત્યકારો,વિજ્ઞાપન દાતાઓ અને દેશ વિદેશના સહયોગીઆે,રાજકીય, સામાજિક,સ્નેહીજનો નો અભૂતપૂર્વ સહકાર મળ્યો છે.મોઘવારી ના યુગમાં સરકારી એક પણ રૂપિયાની સહાય વિના સૌના સાથ સહકાર થી નવ વરસ પૂર્ણ કરી દશમાં વરસ માં પ્રવેશ કરતા સૌનો તહે દિલથી આભાર માનું છું.આવો જ સાથ સહકાર આપનો મળી રહેશે તેવી આશા વ્યક્ત કરું છું.અથે સાથ** www. janfariyad news.com **છેલ્લા ૨૭ વરસ માં જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિક(૨૭ વરસ થી અવિરત), ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક(નવ વરસ થી અવિરત) ગૂગલ માન્યતા પ્રાપ્ત** monitaize **ન્યૂઝ પોર્ટલ,ન્યૂઝ ચેનલ થકી ગૂગલ કાઉન્ટ પ્રમાણે ચાર લાખ દર્શકો સુધી પહોંચી શકાય છીયે...સૌ સહયોગીઓ નો આભાર...તંત્રી: પ્રદીપ રાવલ,મેનેજિંગ તંત્રી: મિનાક્ષી રાવલ,યુ.એસ.એ નિવાસી તંત્રી કૌશિક.શાહ, ઈન્ટરનેશનલ પ્રમોટર યુ.કે : પૂજા રાવલ,ઓસ્ટ્રેલિયા નિવાસી તંત્રી : વૈભવી શાહ,યુ.એ.ઈ : બીના પાઠક, કૅનેડાઃ નિવાસી તંત્રી : ઋષિકેશ જાની..તેમજ સૌ બ્યુરો ચીફ,પત્રકાર પરિવાર....**




## ભારતમાં દર ત્રીજા માણસે સાયબર ફ્રોડના શિકાર બનવાનું જોખમ, સીબીઆઈનાં ૭૬ દરોડા

નવીદિલ્હી,તા.૨૦

સાયબર ક્રાઈમ પર આકરું વલણ અપનાવતા સીબીઆઈએ દેશવ્યાપી અભિયાન 'ઓપરેશન ચક્ર-૨' હાથ ધર્યું છે. આ અભિયાન હેઠળ સીબીઆઈએ ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, કર્ણાટક સહિત ૧૧ રાજ્યોમાં ૭૬ સ્થળો પર દરોડા પાડયા હતા. આ સાથે સીબીઆઈએ રૂ. ૧૦૦ કરોડના ક્રીપ્ટો કૌભાંડ સહિત સાયબર નાણાકીય છેતરપિંડીના પાંચ અલગ અલગ કેસ નોંધ્યા હતા. ઓપરેશન ચક્ર-૨નો આશય ભારતમાં સંગઠિત સક્રિય સાયબર નાણાકીય ગૂનાનું મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર તોડી પાડવાનો છે.

સીબીઆઈના અધિકારીઓએ જણાવ્યું હતું કે, સાયબર નાણાકીય ગૂના મારફત ક્રિપ્ટોકરન્સી છેતરપિંડી મારફત ભારતીય નાગરિકોના રૂ. ૧૦૦ કરોડની ઊંચાપત કરવામાં આવી હતી. વધુમાં સીબીઆઈએ જણાવ્યું કે, આ ઓપરેશન હેઠળ સાયબર ગૂનામાં સંડોવાયેલા ગૂનેગારોની ધરપકડ કરાઈ છે.

## બાળકને છાનું રાખવા અંધશ્રદ્ધામાં અગરબત્તીના ડામ અપાતાં મોત

રાજકોટ

-અંધશ્રધ્ધાના કારણે અનેક પરિવારોના માળા પીંખાયા હોવાની અનેક ઘટનાઓ સામે આવતી હોય છે. ધ્રોલના હજામચોરાની ઘટનાના પડઘા શમ્યા નથી ત્યાં સૌરાષ્ટ્રમાં જેતપુરના સરધારપુર ગામેથી વધુ એક ઘટના સામે આવી છે. રડતા બાળકને છાનું રાખવા માતાએ ભૂવાને ફોન કર્યો અને તેની સલાહ મુજબ, નવજાત બાળકને અગરબત્તીના ડામ આપ્યા હતા. જેનાથી માસુમની તબિયત લથડી હતી અને બાળકે સારવાર દરમિયાન દમ તોડી દેતાં ચકચાર મચી જવા પામી છે. આ મામલે માતા સામે કાનૂની કાર્યવાહી હાથ ધરાઈ છે. મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ જેતપુરના સરધારપુર ગામે વાડી વિસ્તારમાં ખેતી કામ કરતા પરિવારની ગુડ્ડીબેન પિન્ટુભાઈ મુમલદે નામની પરણીતાએ ૨૪ દિવસ પૂર્વે પુત્રને આપ્યો હતો. પ્રસૂતિ બાદ મુમલદેને દૂધ નહી નવજાત શીશુ રડી રહ્યું હતું. પુત્ર સતત રડતો હોવાથી માતા ગુડ્ડીબેન મુમલદેએ મધ્યપ્રદેશ



રહેતાં ભૂવાને ફોન કરી બાળકને છાનો રાખવા મદદ માંગી હતી. આથી ભુવાએ ગુડ્ડીબેનને પોતાના માસુમ પુત્રને પેટના ભાગે અગરબત્તીના બે ડામ આપવાનું હતું. માતાએ ભુવાના કહ્યા પ્રમાણે, માસુમ પુત્રને પેટના ભાગે અગરબતીના બે ડામ આપ્યા હતા. જો કે એ પછી, માસુમ બાળકની તબિયત લથડતાં તેને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલનાં કેટી ચિલ્ડ્રન વિભાગમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન માસુમ બાળકે હોસ્પિટલનાં બિછાને દમ તોડી દેતાં પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો હતો. આ અંગે જાણ થતાં જેતપુર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પોલીસની પુછપરછમાં માતાએ જણાવ્યું હતું કે, મૃતક માસુમ બાળકની જનેતાએ ૨૪ દિવસ પૂર્વે જ બાળકને જન્મ આપ્યો હતો અને પ્રસુતિ બાદ જનેતાને ધાવણ નહી આવતાં રડતા બાળકને છાનો રાખવા જનેતા ગુડ્ડીબેન મુમલદેએ મધ્યપ્રદેશ ખાતે વતનમાં રહેતા ભુવાને ફોન કરી માસમ બાળકને છાનો રાખવા મદદ માંગી હતી અને ભુવાની સૂચના મુજબ ડામ આપ્યા હતા.

## અરબી સમુદ્રમાં લો પ્રેશર, ૨૪ કલાકમાં ડિપ્રેશનમાં ફેરવાશેઃ ગુજરાતનું હવામાન બદલાઈ શકે છે

અમદાવાદ

હાલ અરબ સાગર અને બંગાળના ઉપસાગરમાં હલચલ જોવા મળી રહી છે. જેની અસર ગુજરાતના વાતાવરણ પણ થઇ શકે છે. અરબ સાગરમાં સંભવિત વાવાઝોડાના ભણકારા વાગી રહ્યા છે. તેથી શિયાળાની શરૂઆત ટાણે જ વધુ એક વખત વાતાવરણમાં પલટાની શક્યતા સેવાઇ રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલ અરબ સાગરમાં લો પ્રેશર સિસ્ટમ બની રહી છે. જે ૨૧મી ઓક્ટોબરે સિસ્ટમ ડિપ્રેશનમાં પરિવર્તિત થશે. આ સિસ્ટમ હજુ કઇ તરફ આગળ વધશે તે નક્કી કરવામાં આવ્યુ નથી. પરંતુ રાજયના દક્ષિણ ભાગોમાં વાતાવરણમાં પલટાના યોગ જણાઇ રહ્યાં છે.

હવામાન વિભાગના વડા ડો. મનોરમા મોહંતી વાવાઝોડા અંગે જણાવતા કહે છે કે, 'અરબ સાગરમાં લો પ્રેશર સિસ્ટમ બની રહી છે. આગામી ૨૧મી ઓક્ટોબરે સિસ્ટમ ડિપ્રેશનમાં પરિવર્તિત થશે. આ વખતે દક્ષિણ-પૂર્વ અને દક્ષિણ-પશ્ચિમ મધ્યમમાં લો પ્રેશર સિસ્ટમ બની છે. ત્યારે આગામી ૨૪ કલાક બાદ સિસ્ટમ વધુ મજબૂત બનશે. પછી ડિપ્રેશન બાદ ડીપ ડિપ્રેશન બને તો વાવાઝોડું આવવાની શક્યતા વધી જાય છે. મોટેભાગે તો સિસ્ટમ વાવાઝોડામાં પરિવર્તિત થાય તેવી શક્યતા વધુ છે. આ લો પ્રેશર સિસ્ટમ પર હવામાન વિભાગ સતત નજર



રાખી રહ્યું છે. આ ઉપરાંત હવામાન વિભાગે સાવચેતીના ભાગરૂપે માછીમારોને સૂચના આપી છે. જે એરિયામાં લો પ્રેશર વિસ્તાર છે અથવા જે વિસ્તારમાં ડીપ ડિપ્રેશનની અસર થવાની છે તે વિસ્તારમાં માછીમારો ના જાય. ત્યારબાદ તા. ૨૧ પછી જ્યારે ડિપ્રેશન જાહેર કરી દેવામાં આવે ત્યારપછી મોટા વહાણ પણ તે વિસ્તાર આજુબાજુ ના જાય. ગુજરાત પર અસર અંગે હાલ કહેવું વહેલું છે. ગુજરાતના દરિયાકિનારે કોઈપણ પ્રકારની વૉર્નિંગ નથી. વરસાદ થવાની પણ કોઈ શક્યતા નથી. વાતાવરણમાં કોઈ ફેરફાર થાય તેવી શક્યતા પણ નથી.'

બીજી તરફ જયોતિષોએ જણાવ્યું હતું કે, અરબ સાગર અને બંગાળ ઉપસાગરમાં બંનેમાં ચક્રવાત બનવાની શક્યતા છે. પરંતુ અરબ સાગરનું ચક્રવાત ભારે મજબૂત હશે અને તે સિવિયર સાયક્લોન સ્ટ્રોમ બની શકે તેવી શક્યતા છે. જેની ગતિવિધિ દર કલાકે ૧૫૦થી ૧૭૦ કિમીથી વધારે રહેવાની શક્યતા છે. ૨૧મીથી આ વધારે મજબૂત બનશે. ૨૨, ૨૩ અને ૨૪માં ભારે ચક્રવાતના સંજોગો ઊભા થશે અને સિવિયર સાયક્લોન બનશે. જેના કારણે અરબી સમુદ્રમાં મોટો ઘેરાવો થશે.

## સોગંદનામા પર ઊઠાવ્યાં સવાલ, ટીએમસીના સાંસદ મહુઆ મોઈત્રા

નવીદિલ્હી,તા.૨૦

તૃણમૂલ કોંગ્રેસ સાંસદ મહુઆ મોઈત્રા પર બિઝનેસમેન દર્શન હીરાનંદાણીએ ગંભીર આરોપો મૂકી ખળભળાટ મચાવી દીધો છે. જોકે તૃણમૂલ સાંસદે સામે વળતા પ્રહાર કર્યા હતા. તેમણે વડાપ્રધાનના કાર્યાલય (પીએમઓ) પર આરોપ લગાવ્યો છે કે તેના દ્વારા બિઝનેસમેન પર દબાણ બનાવાયું છે.

મહુઆએ હીરાનંદાણીના સોગંદનામાની વિશ્વસનીયતા સામે પણ સવાલ ઊઠાવ્યો છે. તેમણે કહ્યું કે આ સોગંદનામાનું કાગળ એક સફેદ ટુકડો જ છે તેમાં કોઈ લેટરહેડ નથી. બે પાનાની પ્રેસ નોટમાં મહુઆ મોઈત્રાએ કહ્યું કે એવા સફળ ધનિક બિઝનેસમેન હીરાનંદાણી કે જેમની દરેક મંત્રી અને પીએમઓ સુધી પહોંચ છે તેમને પહેલીવાર સાંસદ દ્વારા ભેટ આપવા અને તેમની માગને પૂરી કરવા માટે કેમ મજબૂર કરાશે? આ સંપૂર્ણપણે તર્કહીન છે.

## સૌરાષ્ટ્રમાં હાર્ટએટેકથી ૯નાં મોત

રાજકોટ

-સૌરાષ્ટ્રમાં હૃદયરોગથી મોતની સિઝન આવી હોય તેમ દિવસેને દિવસે હાર્ટ એટેકના બનાવવામાં વધારો થઈ રહ્યો છે. ગત ૨૪ કલાકમાં આખા સૌરાષ્ટ્રમાં હાર્ટએટેકથી ત્રણ યુવક સહિત ૬ વ્યક્તિનાં મોત થયાની ઘટનાઓ સામે આવી છે. જેમાં અમરેલી જિલ્લામાં ૨, જામનગર જિલ્લામાં ૨ અને દ્વારકા જિલ્લામાં ૨ લોકોએ હાર્ટ એટેકને લીધે જીવ ગુમાવ્યો છે.

અમરેલી જિલ્લામાં ૨૪ કલાકમાં હાર્ટએટેકથી મોતની બે ઘટના સામે આવી છે. રાજુલામાં નવરાત્રિ દરમિયાન યોજાયેલા રામાપીરના આખ્યાન દરમિયાન એક યુવકને હાર્ટ એટેક આવતા દોડધામ મચી ગઈ હતી. એકતરફ આખ્યાનની રમઝટ ચાલુ હતી અને ત્યાં જ ૨૩ વર્ષીય દિનેશ શિયાળને મોડી રાતે અચાનક હાર્ટ એટેક આવ્યો હતો. આ જોઈને લોકો દોડતા થઈ ગયા હતા અને તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પરંતુ તે બચી શક્યો નહતો. હોસ્પિટલમાં ફરજ પર હાજર ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. યુવાન દીકરાના મોતથી પરિવારમાં માતમ છવાયો છે. બીજી તરફ નવરાત્રીના પર્વ સમયે જ આ ઘટના બનતા ઉજવણી શોકમાં પરિણમી છે. આ પહેલાંની ઘટનામાં જિલ્લાના બાબરામાં છકડો હંકારનારને હાર્ટ એટેક આવ્યો હતો. ગઈકાલે અમરેલીના બાબરામાં છકડો રિક્ષાચાલકનું હાર્ટએટેકથી મોત થયું હતું. લુણકી ગામના ૪૬ વર્ષીય ઓઘડભાઈ છકડો લઈને જતા હતા. આથી તેમને ચાલુ રસ્તે હાર્ટએટેક આવતા ચાલક રોડ પર પટકાયા હતા અને બેભાન થઈ ગયા હતા. બાદમાં તેમને હોસ્પિટલ ખસેડાયા હતા. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. લુણકીથી બાબરા જતી વખતે રસ્તામાં આ ઘટના બની હતી. આ છકડામાં બેસેલા અન્ય ત્રણથી વધુ મુસાફરોનો આબાદ બચાવ થયો છે. જો કે ચાલકનું મૃત્યુ થઈ ગયું હતું.

જ્યારે જામનગરમાં પણ હાર્ટએટેકથી બે વ્યક્તિના મોત થયા છે. શહેરમાં ૨૪ વર્ષીય રવિ પરબતભાઈ લુણા નામના વ્યક્તિનું અચાનક કાર્ડિયાક અરેસ્ટથી મૃત્યુ થયું હતું. અહીંના સેના નગરમાં રહેતા ૨૪ વર્ષીય યુવાન રવિ પરબતભાઈ લુણાને ગઈકાલે સામાન્ય તાવ સાથે શારીરિક તકલીફ થઈ હતી. આથી તેને ખાનગી હોસ્પિટલમાં દવા લેવા ગયા હતા. દરમિયાન તેમને અચાનક છાતીમાં દુખાવો ઉપડતા હાર્ટએટેક આવતા એકાએક હૃદય બંધ પડી ગયું હતું. જેમાં યુવાનનું મૃત્યુ થયું હતું, યુવાન પુત્રના મોતથી પરિવારમાં આક્રંદ છવાયો હતો. જ્યારે જામનગર નજીક આવેલ પીપળી ગામના પાટિયા નજીક આદેશ હોટલ પાસે એક ટ્રક ચાલકને ચાલુ ટ્રકે હાર્ટએટેકથી કરુણ મોત નીપજ્યું હતું.

**તંત્રી લેખ......**

# આખરે ભારત સામે કેનેડાને નમતું જોખવું પડ્યું

કેનેડા-ભારત વિવાદ વચ્ચે કેનેડાએ ભારતમાં હાજર તેના ૪૧ રાજદ્વારીઓને પાછા બોલાવ્યા છે. ભારત દ્વારા ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો આરોપ લગાવ્યા બાદ બંને દેશોના સંબંધોમાં તણાવ સર્જાયો હતો. કેનેડાના વિદેશ પ્રધાન મેલાની જોલીએ સ્થાનિક સમય અનુસાર ગુરુવારે (૧૯ ઓક્ટોબર) રાજદ્વારીઓને બોલાવવાની માહિતી આપી હતી. તેમણે એમ પણ કહ્યું કે, કેનેડા બદલો લેશે નહીં.

વાસ્તવમાં કેનેડાના વિદેશ પ્રધાનની વળતી કાર્યવાહીનો અર્થ ભારતીય રાજદ્વારીઓને દેશ છોડવાનો આદેશ આપવાનો છે. વિદેશ મંત્રી જોલીએ કહ્યું કે, ભારતે રાજદ્વારીઓને શુક્રવાર સુધીમાં દેશ છોડી દેવાનો આદેશ આપ્યો છે. તેને કહેવામાં આવ્યું હતું કે, જો તે આમ નહીં કરે તો તેનો રાજદ્વારી દરજ્જો રદ કરી દેવામાં આવશે. તેમણે કહ્યું કે, ભારતનું આ પગલું અયોગ્ય છે અને રાજદ્વારી સંબંધો પર વિયેના કન્વેન્શનનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. વિદેશ મંત્રીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, ભારતની કાર્યવાહીથી અમારા રાજદ્વારીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અમે તેમને ભારતથી પાછા બોલાવ્યા છે. તેમણે કહ્યું કે, જો આપણે રાજદ્વારી પ્રતિરક્ષાના નિયમને તોડવા દઈએ તો દુનિયાનો કોઈ રાજદ્વારી સુરક્ષિત નહીં રહે. આ કારણોસર અમે ભારતની કાર્યવાહીનો કોઈ જવાબ આપવાના નથી. ભારત છોડી ગયેલા ૪૧ રાજદ્વારીઓની સાથે ૪૨ લોકો પણ છે જેઓ તેમના પરિવારના સભ્યો છે. વાસ્તવમાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની આ વર્ષે જૂનમાં સરે શહેરના એક ગુરુદ્વારામાં હત્યા કરવામાં આવી હતી. આ હત્યા બાદ કેનેડામાં રહેતા ખાલિસ્તાન સમર્થકોએ કેનેડા સરકાર પર દબાણ બનાવવાનું શરૂ કરી દીધું હતું. કેનેડાએ કહ્યું કે, આ હત્યામાં ભારતનો હાથ છે. આ પછી સપ્ટેમ્બરમાં કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો સંસદમાં આવ્યા અને ભારત પર નિજ્જરની હત્યાનો આરોપ લગાવ્યો. તેમજ ઓટાવામાં હાજર ભારતના ટોચના રાજદ્વારીને દેશ છોડવાનો આદેશ આપવામાં આવ્યો હતો.



આજ રોજ સ્વાગત એફોર્ડ સોસાયટીમાં મેયર શ્રી હિતેશભાઈ મકવાણા નું સ્વાગત કરવામાં આવ્યું, અને તેમણે માતાજીનાં આશીર્વાદ મેળવ્યા.. સોસાયટી સભ્યોને નવરાત્રિની શુભેચ્છા પાઠવી..



ઈનર વ્હીલ કલબ ઓફ બોરીવલીના સેંચૂરિયન પ્રેસિડન્ટ ભાવના કાપડિયા અને અન્ય સભ્યોએ વી. ગાર્ડ સી એસ આર ઈનિસિયેટીવ્સ હેઠળ મલાડ વેસ્ટમાં બાળકોની હોસ્પિટલ ખાતે સ્તન કેન્સરના દરદીઓને કુલ રૂપિયા બે લાખની સહાય ના ચેક આપ્યા હતા.

# "નિર્ણાયકો નો નિર્ણય આખરી રહેશે" કેટલા અંશે સાચું? નિર્ણાયક ઉપર કોણ નિર્ણાયક...?

"નિર્ણાયકોનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે અને તેને પડકારી શકાશે નહીં"આ એક વાક્યના ઓઠે....યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગનો કલામહાકુંભ હોય કે જી.સી.ઇ.આર.ટી.નો કલા ઉત્સવ કે વિજ્ઞાન મેળા..અણઘડ નિર્ણાયકોના ભેદભાવપૂર્ણ નિર્ણયોની છેલ્લા ઘણા સમયથી જાણે પરંપરા બની ગઇ છે....છેલ્લા થોડાંક વર્ષોનો અનુભવ અહીં લખું છું....

? કલામહાકુંભ ૨૦૧૮માં ૯ વર્ષથી નીચેની ગાયનની સ્પર્ધામાં મારી શાળાની વિદ્યાર્થીની નિશિતા દેસાઈ દ્વિતીય નંબરે આવેલી..પ્રથમ નંબરનો વિદ્યાર્થી ૯ વર્ષ કરતાં મોટો હતો...

?કલામહાકુંભ ૨૦૧૯માં લગ્નગીત સ્પર્ધામાં પત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ હતો કે પરંપરાગત રીતે ગ્રામોફોનમાં કે જાહેર રીતે ગવાતાં લગ્નગીતો કરતાં અપ્રચલિત લગ્નગીતોની રજુઆત ગૂણાંકનમાં ધ્યાને લેવાશે...અને રજુઆતમાં અભિનય ધ્યાને લેવાશે નહીં..તો યે આવું ધ્યાને લીધા સિવાય નકરા અભિનયથી પ્રચલિત રીતે ગવાયેલાં લગ્નગીતોને પ્રાધાન્ય આપવામાં આવેલું....

?કલામહાકુંભ ૨૦૨૦માં રાસ સ્પર્ધામાં મહત્તમ ૯ મિનિટ ૩૬ સેકંડની સમય મર્યાદા હોવા છતાં ૧૧ મીનીટ કરતાં વધું ચાલેલો...રાસમાં..એક કરતાં વધું રાસની પ્રસ્તુતિ નકારાત્મક ગણાશે..એવો સ્પષ્ટ ઉલ્લેખ હોવા છતાં..ચાર ચાર રાસની મીક્ષ પ્રસ્તુતિ પણ ચાલેલી...?કલામહાકુંભ ૨૦૨૨માં પણ એક રાસમાં એક કરતાં વધું ગીતોની પ્રસ્તુતિ...રાસનું ખાલી મુખડું અને એક અંતરો...બાકી પાંચ-છ છંદ ગાઈને પણ ચાલેલું...પરંપરાગત રાસની લઢણો મેલ પડીને નવરાં આધુનિક દોઢીયાં ય સ્પર્ધામાં દોડેલાં....સાઉન્ડ વાળાની કરામત તો બધા વિડીયો શાંતિથી જોયા પછી સમજાયેલી...

?કલા ઉત્સવમાં ગાયો પણ ન હોય એવો સ્પર્ધક ઈનામ લઈ જાય..પૂછીએ તો જવાબ મળે...મોડો આવ્યો હતો એટલે પાછળથી ગવડાવેલું...જેને નંબર આપવાનું નક્કી કર્યું હોય એ ગાતાં ગાતાં અટકી જાય તો ..પાણી પાઈને ..ફરીથી ગવડાવીનેય નંબર આપીને અમારા નિર્ણય ઉપર ભરોસો રાખજો..એવું નફ્ફટાઈથી કહેવાનું...

?વિજ્ઞાન મેળામાં તો ધણ ભેગું ભળેલા ગધેડાને ય સવાઈ ગાય સાબિત કરવાની ....

?ખેલમહાકુંભમાં તો લોટ્સ ગોઠવવાની એવી ચતુરાઈ..કે પ્રથમ નજરે તો તમને ખ્યાલ પણ ના આવે કે આવું થઈ શકે..

?ગત સાલ સુધી કલા મહાકુંભમાં ગરબા,રાસ અને લોકનૃત્યમાં નીચેની વયજૂથના વિદ્યાર્થીઓ ઉપરના વયજૂથમાં ભાગ લઈ શકે એવો સ્પષ્ટ ઉલ્લેખ હોવા છતાં ય નિર્ણાયકો નવાં નવાં ગતકડાં કાઢતા...

.....હજું ઘણા અનુભવો લખી શકાય એમ છે...

પણ એ મોહ જવા દઈએ તો આનાથી લાધેલું બ્રહ્મજ્ઞાન આ છે..

?ભાગ્યે જ કોઈ નિર્ણાયક તટસ્થ હોય છે...

?નિર્ણાયકો જેના થકી નિર્ણય કરવા પધાર્યા હોય એ, નિર્ણાયકોનો કોઈ દોષ જોવા માંગતા નથી..

?કોઈ કળાનો જાણકાર હોવા માત્રથી એ, એ કળાનો સારો જ નિર્ણાયક હોય એ અર્ધ સત્ય છે..

મિત્ર સૂચીમાં રહેલા કોઈ આ બાબતે અનુભવ કે અભિપ્રાય આપશે તો ગમશે...પણ પ્રથમ વાક્યમાં લખેલું સંભળાવીને..નિર્ણાયકોનો નિર્ણય માન્ય રાખવો પડે એવી સુફીયાણી સલાહ ન આપતાં...મિત્ર સૂચીમાં રહેલા કોઈ આ અંગે અમારી આ લાગણી ગણો તો લાગણી કે માંગણી ગણો તો માંગણી..પણ નિર્ણાયકોના નિર્ણય સામે લવાદ પંચ મળે એવું થાય તો કરજો....વાસુદેવ પટેલ(એફ.બી પોસ્ટ)

# દિલ્હીના નાગરિકો ફટાકડી ફોડી શકે તે માટે ગુજરાત ફટાકડા ટુરિઝમ પોલિસી લોંચ કરો!!!

"આ દેશનું શું થવા બેઠું છે?" રાજુ રદીએ મરચી બોમ્બના ધડાકા જેવો કકળાટ કર્યો.

" રાજુ. વળી તને શું થયું? મગજના ઉત્પાત અને વલવલાટને શાંત કરવાની દવા લેવાનું રાખ. નહીંતર, કોક દિવસ ગાંડો થઈ જઈશ." મેં રાજુને સલાહ આપી.

" ગિરધરભાઇ . દેશમાં કાયદો-વ્યવસ્થા, જયુડિશિયરી જેવું કાંઇ બચ્યું નથી. " રાજુએ દાડમ કોઠી ફટાકડા જેવો કકળાટ કર્યો.

" રાજુ. એટલે જ જજોની નિમણૂક સરકાર પાસે હોવી જોઈએ. જજો કોલેજિયમના બહાને રાજકારણ રાજકારણ રમે છે એવું સરકાર કહે છે!!" મેં સરકારની ચિંતાનું ભોં ચક્કર રાજુને કહ્યું.

" હું એની વાત નથી કરતો." રાજુએ સ્પષ્ટતા કરી.

" તો પુતિનની વાત કરે છે. પરમાણું શસ્ત્રો ભરેલા વાહનો રવાના કર્યા તેનું ટેન્શન છે?? નાણામંત્રી શાકભાજી ખરીદી કરવા ગયા અને શું ખરીદ કરી આવ્યા? તેનું ટેન્શન છે? નામ્બિયાથી આયાત કરેલ ચિતા માબાપ ક્યારે બનશે?? તેનું ટેન્શન છે?? " મેં રાજુ પરસવાલોની ફૂલઝડી વરસાવી.

" ગિરધરભાઇ. તમે જાણો છો કે શિયાળાની શરૂઆતથી ઉનાળા સુધી પ્રદૂષણને પરિણામે નવી દિલ્હીની હાલત દોજખ બની જાય છે. ખેતરોમાં પાક લીધા પછી પરાળ બાળવા, વાહનોના ધૂમાડા, બાંધકામ પ્રવૃતિ, ફેકટરીના લીધે દિલ્હીમાં શ્વાસ ન લેવાય તેવી વિપરીત સ્થિતિ થાય છે. એર ઈન્ડેકસ ખરાબતમ રહે છે. સરકાર વાહનોમાં ઓડઈવન નંબર,,જળ છંટકાવ વગેરે પગલાં લે છે. દિવાળી સમયે ફટાકડાના કારણે પ્રદૂષણ નોંધપાત્ર વધે છે. સરકારે બે વરસથી ફટાકડા ફોડવા ( રાજકીય ફટાકડા ફોડવા-છૂટો ઘા કરવા પ્રતિબંધ નથી!!)પર પ્રતિબંધ લગાવ્યો છે. ફટાકડા ફોડતા પકડાય તો છ મહિનાની સજા કરવાનું નક્કી કર્યું છે.ફટાકડાના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ પર ૧ લી જાન્યુઆરી સુધી પ્રતિબંધ મુકવામાં આવેલ છે. જેની સામે સર્વોચ્ચ અદાલતમાં કેસ ફાઈલ કરેલ.સર્વોચ્ચ અદાલતે કોઈ રાહત આપી નહીં. કેટલાક લોકો દિવાળીમાં હિન્દુઓ ફટાકડા ન ફોડે તો ઈદ કે નાતાલ પર ફોડે? આપણે ત્યાં શોભાયાત્રા, લગ્ન, ચૂંટણીના વિજય સરઘસ, અંતિમયાત્રા, દીક્ષા લેવાના પ્રસંગોએ ફટાકડા ફોડવામાં પ્રદૂષણ સરકાર કે કોર્ટને કેમ નડતું નહીં હોય? એવી પણ પ્રશ્નો ઉઠાવે છે.

દિલ્હીના નાગરિકોએ કોમ્પ્યુટરમાં આતશબાજી કરવા- ફટાકડા ફોડવાનો આનંદ માનવાનો ઓનલાઈન વિકલ્પ અમલમાં મુકવો રહ્યો.આમ, પણ હવે ઓફ લાઈનવ્યવહારો પરથી ઓનલાઈન પર સ્વિચ ઓવર થવાનું છે ને??"રાજુએ લંબાણપૂર્વક વાત કરી.

" રાજુ ગુજરાતમાં અપાર સંભાવના છે. આપણે આરોગ્યમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કર્યું છે કે વિદેશના લોકો અહીં ફરવા અને સાજા થવા એટલે કે મેડીકલ ટુરિઝમ માટે આવે છે. આપણે આતરરાષ્ટ્રીય પતંગોત્સવ, રણોત્સવ, કાંકરિયા કાર્નિવલ ,નવરાત્રિ મહોત્સવ આવું કોઈને કંઇ ઉજવણીએ છીએ. કચ્છમાં પ્રવાસનને પ્રમોટ કરવા અમિતાભ સ્વયં "કચ્છ નહીં દેખા તો કુછછ નહીં દેખા, કુછ દિન ગુજારિયે કચ્છમેં" એમ કહીને નોતરું આપે છે!! દિલ્હીના ફટાકડા શોખીન નાગરિકો ફટાકડા ફોડી શકે તે માટે કંઈક યોજના લોન્ચ કરવી જોઈએ ." મેં કહ્યું

" ગિરધરભાઈ.એક ધાંસુ સ્કિમ લોંચ કરવી જોઈએ. ગુજરાત સરકારે ફટાકડા ટુરિઝમ પોલિસી બહાર પાડવી જોઈએ. દિલ્હીના નાગરિકો બસ,ટ્રેન,વિમાન મારફત ગુજરાતના શહેરોમાં આવે. તેમને ફાઈવ સ્ટાર હોટલ કે ભુંગામાં ઉતારો આપવાનો.ગુજરાતી વ્યંજનો પિરસવામાં આવે. બેક ગ્રાઉન્ડમાં ગુજરાતી ગરબા વાગે. મહેમાન સુતળી બોમ્બ કે ફૂલઝડી સાથે ગરબા કરે. મહેમાન અર્ધો કલાક જાતે ફટાકડા ફોડે.અગર ટુરિઝમના અધિકારીઓ ફટાકડા ફોડે!! આ મહેમાનોને ઓન એરાઈવલ વાઈન પરમિટ મળે. આ સ્કિમનું ઈવેન્ટના ધોરણે બ્રાંડિગ થાય!! " રાજુએ આખી યોજનાની બ્લુ પ્રિન્ટ સંભળાવી.

ફટાકડા ટુરિઝમ સ્કિમમાં સૌથી પહેલું બુકિંગ જજ સાહેબો જ કરશે!!

ભરત વૈષ્ણવ...૨૦.૧૦.૨૦૨૨.

# બૉલીવુડના એક અનોખા હટકે કલાકાર શમ્મીકપૂર

બૉલીવુડમા ત્રણ ભાઈઓ સફળ થયા હોય એમ ભાગ્યે જ બન્યું છે.અશોકકુમાર કિશોરકુમાર અનુપ કુમારમા અનુપ કુમાર નિષ્ફળ ગયા હતા દેવ આનંદ વિજય આનંદ ચેતન આનંદના સફળ માત્ર દેવઆનંદ જ થયા

શમ્મી શશી અને રાજકપુર બધા ભાઈઓ સુપરહિટ થયા.

શમ્મી કપૂરનો જન્મ ૨૧ ઓક્ટોબર ૧૯૩૧ ના રોજ મુંબઈમા થયો હતો શમ્મીના પિતા પાપા પૃથ્વીરાજ કપૂર હતા

શમમીનું અસલી નામ સમશેર હતું ૬૦ ના દાયકામાં શમ્મી ખુબ સફળ રહ્યા હતા

શમમીએ એકથી એક ચડીયાતી સુપરહિટ ફિલ્મો આપી છે. જેમાં મુખ્ય કાશ્મીર કી કલી જંગલી તીસરી મંઝિલ તુમ સા નહી દેખા.જાનવર પ્રિન્સ બ્રહ્મચાઃ શમ્મીની પહેલી ફિલ્મ જીવન જ્યોતિ ૧૯૫૩ મા રિલીઝ થઈ હતી શમ્મીની શરૂઆતના ઘણી ફિલ્મો નિષ્ફળ ગઈ હતી.પછી ૧૯૫૭ મા



આવેલી તુમ સારુ નહી દેખા સફળ રહી.

શમ્મી કપૂર વખતે અભિનેતાઓ ડાન્સથી દુર ભાગતા હતા તે વખતે સિનેરસીકોને શમ્મીકપૂરનો ભરપૂર ડાન્સ જોવા મળ્યો.શમ્મી હંમેશા પોતાની ખાસ સ્ટાઈલમાં ડાન્સ કરતા હતા.

શમ્મીએ રંગીન રાતે ફિલ્મમા ગીતાબાલી સાથે કામ કર્યું હતું પછી બન્ને માત્ર પૂજારીની હાજરીમા મંદિરમાં લગ્ન કરી લીધા હતા.પછી ૧૦ વરસ પછી ગીતાબાલીનું અવસાન થયું. ૧૯૬૯ મા શમ્મીએ નીલાદેવી સાથે બીજા લગ્ન કર્યા હતા

શમ્મી બૉલીવુડના પહેલા રોક સ્ટાર હતા.

રાજકપુર શમ્મીના મોટાભાઈ થાય.શશીકપુર નાના ભાઈ થાય.

શમ્મીએ મોહમ્મદ રફી સાથે ઘણા યાદગાર ગીતો આપ્યા છે.

× તુમને કિસીકી જાન કો જાતે હુવે દેખા હે × અહેસાન તેરા હોગા મુજ પર× જાને વાલો જરા હોશિયાર ×

બદન પે સિતારે લપેટે હુવે

ઈસ રંગ બદલતી દુનિયામે ઈન્સાન કી નિયત ઠીક નહીઅજી એસા મોકા ફિર કહા મિલેગા

આસમાં સે આયા ફરિશ્તા

બાર બાર દેખો હજાર બાર દેખો.

દીલ કે ઝરોખે મે તુજ કો બીઠાકર

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**

# ધર્મસુધારણાના ઓઠા હેઠળ ચાલતી ધર્મદ્રોહી પ્રવૃત્તિ બંધ થવી જ જોઇએ

ત્રિભુવનપ્રકાશ પરમાત્મા મહાવીરદેવ દ્વારા સ્થાપિત વિશ્વકલ્યાણકર શ્રી જિનશાસન સામે વર્તમાનકાળમાં જે અનેક આક્રમણો જોવા મળે છે, તેમાં આધુનિક શિક્ષણ લઈને શ્રદ્ધાહીન બનેલા કેટલાક તથાકથિત જૈનોએ શરૂ કરેલી કહેવાતી સુધારાવાદી પ્રવૃત્તિઓ મુખ્ય ચિંતાનો વિષય છે. આત્માઓ પોતે તો શ્રદ્ધાથી ભ્રષ્ટ થયેલા જ છે, પણ આ દુષમકાળમાં પરમાત્માના શાસનના પ્રભાવે લાખો આત્માઓ જે ઉલ્લાસપૂર્વક ધર્મપ્રવૃત્તિઓ કરી રહ્યા છે, એ પવિત્ર અનુષ્ઠાનો તેમની આંખમાં કણાની જેમ ખૂંચે છે. પોતાની આ મિથ્યામતિને પ્રભાવે પશ્ચિમી વિચારોથી રંગાયેલા આ પુણ્યશાળીઓને દાનધર્મ, વિરતિ ધર્મ, શાસન પ્રભાવનાના આયોજનો, સાધર્મિક વાત્સલ્ય, પરમાત્મભક્તિના ઉન્મેષમાં બંધાતા ભવ્ય જિનાલયો, ઉપાશ્રયો વગેરે બધામાં દૂષણો જ દેખાય છે. આવા મહામંગલકારી, સર્વકલ્યાણકર અનુષ્ઠાનોને પોતાના લેખો દ્વારા, ભાષણો દ્વારા, નાટકો અને સિનેમા દ્વારા ઉતારી પાડવાની એક પણ તક આ કહેવાતા બુદ્ધિજીવીઓ છોડતા નથી. આ બધી જ ધર્મદ્રોહી પ્રવૃત્તિઓ તેઓ ધર્મમાં સુધારણાને નામે અને ક્રાંતિને નામે કરે છે, જેને કારણે ઊંડી સમજણ નહીં ધરાવતા કેટલાફ ધર્માત્માઓ પણ તેમની વાતોમાં ખેંચાઈ જાય છે અને તેમની ધર્મશ્રદ્ધા નબળી પડી જાય છે. આ તથાકથિત સુધારકોએ વર્તમાનકાળમાં નાટકો, ફિલ્મો, ટીવી સિરિયલો વગેરે મનોરંજનનાં માધ્યમોનો ઉપયોગ પોતાના દૂષિત અને પ્રદૂષિત વિચારોના પ્રચાર માટે કરવા માંડયો છે. બાળજીવો આવાં તથાકથિત મનોરંજનનાં સાધનો તરફ સહેલાઈથી આકર્ષાઈ જતાં હોવાથી વર્તમાન કાળમાં આ માધ્યમોનો દુરુપયોગ શાસનપ્રેમી સૌકોઈ આત્માઓ માટે મોટી ચિંતાનો વિષય બન્યો છે.

વર્તમાન કાળમાં જે રીતે ધાર્મિક તરીકે ખપાવાતાં નાટકો, ફિલ્મો, ટીવી સિરિયલો, વિડિયો કેસેટો અને સીડીનો પ્રચાર વધી રહ્યો છે તે જોતા આપ્રકારના માધ્યમોની ધર્મશાસન અને ધર્મશ્રદ્ધાળુ વર્ગ ઉપર થતી અસરો વિષે ગંભીરતાથી વિચારવાનો સમય પાકી ગયો છે, એવું ઘણાને ઘણા સમયથી પ્રતીત થતું હતું. ત્યાં મુંબઈ શહેરમાં 'અંધી દૌડ' નામનું ધર્મની ઠેકડી ઉડાડતું નાટક અટકાવવામાં નહીં આવે તો તેનાથી વર્તમાનમાં અને ભવિષ્યમાં ખૂબ જ માઠાં પરિણામો આવવાની શક્યતા છે. તમામ ધર્મપ્રેમી આત્માઓએ આવી અનિષ્ટ પ્રવૃત્તિ ક્યાંય પણ ચાલતી હોય તો પોતાનું સત્ત્વ ફોરવી તેને અટકાવવાનો પુરૂષાર્થ કરવો જોઈએ.

મોહનલાલજી મહારાજ સમુદાયના ગચ્છાધિપતિશ્રી વિજયચિદાનંદસૂરિજી મહારાજા જૈન શાસનમાં દેવ-ગુરૂની આશાતના કરનારને બહુ મોટું પાપ માનવાની આજ્ઞા છે. 'વીતરાગ સ્તોત્ર ૧૯ માં પ્રકાશમાં ૪ થા શ્લોકમાં ફરમાવ્યું છે કે, વીતરાગની પૂજા કરતાંય આજ્ઞા પાળવી પરમ ઉચ્ચ છે. વીતરાગની આરાધનાથી મોક્ષ અને વિરાધનાથી સંસાર વૃદ્ધિ થાય છે' સારાંશમાં જેમ કુમારપાળ રાજાના સમયમાં આવા નાટકનો ખૂબ વિરોધ થયો હતો તેમ હાલમાં જાણવા પ્રમાણે 'અંધી દૌડ' નાટક ભજવવાનું તાકીદે બંધ કરવું જરૂરી છે.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી સમુદાયના ગચ્છાધિપતિશ્રી વિજયરત્નાકરસૂરીશ્વરજી મહારાજા કેવો સમય આવ્યો છે! સાધુ વર્ગ અને શ્રાવક વર્ગમાં શાસન પ્રતિ લગની-વફાદારી થોડી ઘણી રહીછે. બાકી સ્વતંત્રતાના નામે સ્વચ્છંદતા આવતી જવાના કારણે આવું બધું થવા પામે છે. સાધુ વેષનો આશ્રય લઈને જે નાટક ભજવવામાં આવે છે તે તરીકો ગલત છે. એમાં અમારો વિરોધ છે. સાધુ વેષ ભજવતાં પહેલાં શ્રાવકો ઉદયન મહામંત્રીનું જીવન વાંચી લે. એક ચારણ - ભાટમાં ખુમારી હતી એ આજે અમારા સુશ્રાવકોમાં નથી રહી માટે મારો અનુરોધ છે, યુગરાજજી નાટકમાં જૈન સાધુ વેષનાં પાત્રો બંધ કરે. અહીં થાણામાં આદીશ્વરજી મંદિરની પ્રતિષ્ઠા વખતે નાની બાલિકાને સાધ્વીનો વેષ પહેરાવીને સ્ટેજ ઉપર લાવ્યા હતા. મને ખબર પડી. મેં સખત વિરોધ કરીને અટકાવી દીધેલ. એ પ્રસંગ હતો અંજનશલાકાનો. અશોક ગેમાવત સંગીતકાર હતા. એમણે પણ આ વાતનો વિરોધ કર્યો હતો. પંજાબમાં પણ આવું થોડુંક અજ્ઞાનના કારણે ચાલતું હતું, પણ માર્ગદર્શનથી અટકી જાય છે. આપણે સજાગ હોઈશું, એકતા રહેશે તો આપણને જરૂર સફળતા મળશે.

કચ્છ વાગડ સમુદાયના ગચ્છાધિપતિશ્રી વિજયકલાપ્રભસૂરીશ્વરજી મહારાજા 'અંધી દૌડ'' માં ઘણાં પ્રસંગો વાંધાજનક છે જે ત્યાગી વર્ગને અને સર્વવિરતિધર આત્માઓને ખરાબ ચિતરવારૂપ છે. નાટકો-સિનેદશ્યોથી બાળકોમાં કુસંસ્કારો રોપાય છે જેથી નાટકો-સિને દશ્યોમાં ઉચ્ચ ધાર્મિક પાત્રો ન જ આવવા જોઈએ. અન્યથા ઘોર આશાતના-પાપરૂપ થાય છે. ભારતીય નાટકો -સિને દશ્યોમાં ભારતીય સંસ્કૃતિના આદર્શોને અનુરૂપ નિયમો કરવા જોઈએ. મર્યાદાવિરુદ્ધ દશ્યો ન જ ભજવી કે મુકી શકાય. જિનાજ્ઞા પાલક શ્રાવક સંઘને જણાવવાનું કે જેમને જિનાજ્ઞા શું છે તેનું જ્ઞાન નથી, પરમાત્મા અરિહંત, મહાત્મા નિગ્રન્થ સાધુ પુરૂષ છે અને સર્વજ્ઞ વીતરાગ કથિત ધર્મ કોને કહેવાય તેની જાણકારી નથી તેવા લોકો સમાજને સાચી દોરવણી આપવા અને જાગૃત કરવાના દાવા સાથે નાટક, સિનેમા, ટી. વી. સીરીયલ વિગેરેના માધ્યમથી ધાર્મિક બાબતોમાં અને તત્ત્વોમાં મનઘડંત કલ્પનાઓ પ્રમાણે જે પ્રચાર-પ્રસારનાં કાર્યો કરે છે, તેનાથી ધર્મપ્રેમી જનતા સાવધાન રહે.

'અંધી દૌડ'' નાટકના નામે લોકોને, શ્રદ્ધાહીન અને ભક્તિહીન બનવા પ્રેરતી જે બાબતો દેખાડવામાં આવે છે તે ખરેખર ધાર્મિક લોકોની લાગણીને આઘાત પહોંચાડનારી છે. ધર્મ-શાસ્ત્રોથી વિરુદ્ધ આવા નાટકોનો વિરોધ કરવા અને જનતા તે ખોટા માર્ગે દોરવાઈ ન જાય તે માટે યોગ્ય પ્રયત્ન કરવા સકળ સંઘની ફરજ છે.

ગચ્છાધિપતિશ્રી પ્રદ્યુમ્નવિમલસૂરિજી મહારાજા મહાપુરૂષોના જીવન ચરિત્રો ઉપર જે લોકો નાટક ભજવે છે તેનો વિરોધ સમસ્ત જૈન સંઘ અને અન્ય સર્વે સજજનોએ અવશ્ય કરવો જ જોઈએ. આવા કથિત ધાર્મિક નાટકો બંધ થવા જ જોઈએ. મારો આમાં સંપૂર્ણ સહયોગ છે. એવા નાટકો ન ભજવે તેવી તેઓને શાસનદેવો સારી બુદ્ધિ આપે. નાટકો દ્વારા સાધુના વેશ પૂર્વે પણ જયારે ભજવાતા ત્યારે આપણા પૂર્વાચાર્યો ચારિત્રના પ્રભાવે સુક્ષ્મ શક્તિ દ્વારા એવા તો ચમત્કાર કરતા કે જિંદગી પર્યન્ત કોઈ નટ આવું કરવાનું સાહસ ન કરે. આજે તો આપણા સર્વેના સમુહબળ દ્વારા આ શક્ય છે. સમસ્ત શાસનમાંથી આનો વિરોધ થવો જ જોઈએ.

આચાર્યશ્રી વિજયજિનચન્દ્રસૂરિજી મહારાજા અનેક વર્ષોથી ધાર્મિક નાટકો ભજવવા ધંધાદારી તત્ત્વો પ્રયત્નો કરતા આવ્યા છે. ધર્મના નામે પૈસા ભેગા કરવાનું કામ એ જ એક અધર્મ છે. તેના કારણે ધાર્મિક સિદ્ધાંતોને સીધું નુકસાન પહોંચે છે, એવું માનનારા સુયોગ્ય વ્યક્તિઓએ હંમેશા વિરોધ કરીને તેવાં નાટકોને અટકાવવાનું કામ આજ સુધી કર્યું છે.વર્તમાનકાળમાં વારંવાર આવા પ્રયત્નો વધવા માંડ્યા છે ત્યારે સકલ સંઘને ગીતાર્થ ગુરુ ભગવંતોનું સત્ય માર્ગદર્શન મળે અને તેના દ્વારા સકલ શ્રીસંઘ ધર્મ તત્ત્વોની-સિદ્ધાંતોની રક્ષા કરનારો બને તે સત્ય આચાર્યશ્રી પદ્માસાગરસૂરિજી મહારાજા છે.

શાસ્ત્ર અને પરંપરા વિરુદ્ધના કોઈ પણ કાર્ય માટે અનુમોદના હોય જ નહીં.જૈન શાસનની લઘુતા દેખાય તેવા કાર્યના વિરોધ માટેની આપણા બધાની નૈતિક ફરજ છે. તેમને સબુદ્ધિ મળે એજ અભ્યર્થના.

આચાર્યશ્રી વિજયજિનેન્દ્રસૂરિજી મહારાજા નાટક એ મનોરંજનનું સાધન છે. તેમાંથી ગુણ વગેરેની પ્રાપ્તિ શક્ય નથી. એક જ ટાંકીનું પાણી સંડાસના નળમાં આવે છે, ત્યારે તે બગડેલું ગણાય છે. તેમ નાટક એ ધર્મનું સ્થાન નથી તેથી સારી બાબત પણ ફળ ન આપી શકે. વર્તમાતમાં જગત ભોગ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે જનસમાજને ત્યાગના માર્ગે વાળી ગુણથી સુખ છે તેવું સમજાવવાનો અવસર છે. તેવે વખતે આવું સમજાવનાર દેવ-ગુરુ પ્રત્યેની શ્રદ્ધા તૂટી જાય તેવું વિકૃત સ્વરૂપ જગત સામે રજૂ કરવું એ જગતના જીવોને નુકસાન પહોંચાડવાનું કાર્ય છે. માટે કોઈ પણ હિસાબે આવાં નાટકો બંધ થવાં જ જોઈએ.

આચાર્યશ્રી વિજયઅશોકરતસૂરિજી મહારાજ આ પ્રસંગ જોતાં શાસનની હીલના થઈ રહી છે અને સૌના મનમાં દુર્ભાવ થાય તેવા પ્રસંગો થાય છે. ઉપેક્ષા થાય તો મંદિરો અને સાધુ સાધ્વી પ્રત્યે જે ભાવ છે તે ન રહે. તો આવા પ્રસંગો તુરંત બંધ થવા જોઈએ. આચાર્યશ્રી વિજયઅરવિંદસૂરિજી મહારાજ 'અંધી દૌડ'' નાટક વિષે વિગતો વાંચી. આવાં નાટકો બંધ થવાં જોઈએ. પરમાત્મા મહાવીર ભગવાન વિષે ફિલ્મ બને તે પણ ઉચિત નથી.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NSO SS NO-154
વિષયઃ- નવરાત્રિ ગરબો
શીર્ષકઃ-ગરબે ઘૂમવાને આવો સહિયર મોરી.
શબ્દોઃ- ૯૨

આવી આવી નવલી નોરતાંની રાત,
ગરબે ઘૂમવાને આવો સહિયર મોરી.

સરખી સાહેલીઓને ગરબે ઘૂમતી રે,
એકસરખી સાડીઓમાં એ શોભતી રે,
નિત નવાં સોળે શણગાર સજવાને આજ,

આવી આવી નવલી નોરતાંની રાત,
ગરબે ઘૂમવાને આવો સહિયર મોરી.

ગરબો શિરે ધરી રમઝટે રાસડાં લેતી રે,
તાલીઓના તાલને ગોળ ફુદરડી ફરતી રે,
નિત નવાં ચણિયા ચોળી પહેરવાને આજ,

આવી આવી નવલી નોરતાંની રાત,
ગરબે ઘૂમવાને આવો સહિયર મોરી.

પારિજાત અને મોગરાની વેણી લગાવતી રે,
ચોખલિયાળી ચૂંદડીમાં ટીલડી ચળકાવતી રે,
નિત નવાં કુમકુમ કેસરી ચાંદલા કરવાને આજ,

આવી આવી નવલી નોરતાંની રાત,
ગરબે ઘૂમવાને આવો સહિયર મોરી.

બીના એન પીઠડીયા 'વૈદેહી'
અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No-122
વિષય :સ્વરચિત ગરબો
શીર્ષક : આવી નવલી નવરાત
શબ્દો :૧૧૯
નામ :કાજલ શાહ 'કાજ'
ગરબો -----
રાગઃ સાથિયા પુરાવો આજ

હે આવી છે નવલી નવરાત, સખીઓ સહુ ઝૂમો સાથ,
માત આશાપુરી! ઝૂમે આજ પ્રેમે સહુ સંગાથ,(૨)
હે નવલી નવરાતો આવી નવલી નવરાત.(૨)
હે ગરબો કોરાવ્યો આજ રૂડી રૂડી ભાતનો (૨)
રૂડી રૂડી ભાતનો જી રૂડી રૂડી ભાતનો (૨)
ધીમે ધીમે ઘૂમું હું તો શીરે લઈ આજ રે,
મારે શીરે લઈ આજ રે , શીરે લઈ આજ મારે શીરે લઈ આજ રે,
હે ભક્તિ રસ ચાખો માત,(૨)
ભગતની તમો રાખો લાજ,
માત આશાપુરી! ઝૂમે આજ પ્રેમે સહુ સંગાથ,
હે નવલી નવરાતો આવી નવલી નવરાત... (૨)
પાંચે આંગળ પુજું તમને પ્રેમે ધરાવું થાળ
મૈયા પ્રેમે ધરાવું થાળ રે,(૨)
મુખડું તારું જોતાં મુજને હરખનો નહીં પાર
મૈયા હરખનો નહીં પાર રે (૨)
સજીધજીને આવો માત,(૨)
મંદિરીયા શોભાવો માત, (૨)
માત આશાપુરી! ઝૂમે આજ પ્રેમે સહુ સંગાથ,
હે નવલી નવરાતો આવી નવલી નવરાત... (૨)
અસ્તુ.
??કાજલ??

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO 0059.
વિષયઃ ગરબો.
પ્રકારઃ પધ્ય ★ગરબો★.
શિર્ષકઃઓ મારી પ્યારી- ભારતમાતા; .
લેખકઃ જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

ઓ મારી પ્યારી ભારતમાતા,
ઓ મારી પ્યારી ભારતમાતા,
ભેદભાવ વગર સૌને સાચવ્યા,
ઓ મારી પ્યારી ભારતમાતા..૨

સમયે,સમયે આપી સૌ સૂવિધાઓ
આજ,નગૂણા, એ સૌ ભૂલીગયા
સહિષ્ણુતા ગૂણ, તારા અપરપાર
ઓ મારી, પ્યારી ભારતમાતા...૨

આજ,જાગૃત થયા તારા સપૂતો
આવી,મોદી-યોગી અમિત ટોળી
આજ સરહદે તૈનાત,સપૂત ટોળી
ઓ મારી, પ્યારી ભારતમાતા ..૨

ઊગે નવુહિન્દુરાષ્ટ્ર પ્રભાત
કાલે આવે ભગવાન રામ રાજ
નવદૂર્ગા જેમ તૂ છો અમારી માત
ઓ મારી પ્યારી ભારતમાતા..૨...

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્રંદ જીજી ર્દ્ર.:૦૧૦૧
વિષયઃ ગરબો
પ્રકાર : પદ્ય
શીર્ષક : નવરાત્રીનો નવલો આનંદ
રચનાઃ ભરત સાંગાણી

આજ સખી! વૃંદાવનમાં રે, નવરાત્રીનો નવલો આનંદ કુંજે કુંજે,
આજની ઘડી રળિયામણી રે, શ્રીકુંજવિહારીણી કુંજવીહારી ગુંજે.

શ્યામને વધાવવાં, લઈ નીકળી ગોપીઓ રત્નજડિત કનકથાળ,
કંકુ ચોખા માંહે હો! કપૂરની વાટ ઝગમગ, મધ્યે સોહે દીપમાળ.

આનંદભીની સખી સખીયનને કહે, હરિસ્વરૂપ નૈન ભર પીજે,
ગોકુળની ગલી ગલીમાં ઢોલ ઢબુકે રે, મંદિર મંદિર ઘંટા બાજે.

રંગમહેલે, હિરે મઢેલ સિંહાસને બિરાજ્યા, પિયા સંગ નંદલાલા,
હરિ જોઈ હરખાતી, કોડીલી વ્રજયુવતી કરે આરતી,દીપે લાલા.

ત્રિગુણ-રહિત તે, દિવ્ય દષ્ટિ ગોપીઓ માણે અનંગ પરમાનંદનો,
સાંભળો, 'ભરત'ના ભાગ્ય તણો નહિ પાર! સુધારસ પીએ આનંદનો.

# એમસીએક્સ પર સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં તેજીનો માહોલઃ કોટન-કેન્ડી વાયદો રૂ.૩૨૦ નરમ

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
નૈમિષ ત્રિવેદી

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર આ લખાઈ રહ્યું છે ત્યારે વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૪૧,૧૭૨.૧૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. સોનું ડિસેમ્બર વાયદો રૂ.૨૬૦ વધી રૂ.૬૦,૫૭૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે ચાંદીનો ડિસેમ્બર વાયદો રૂ.૫૮૯ની વૃદ્ધિ સાથે રૂ.૭૨,૨૦૫ બોલાયો હતો. આ સામે ક્રૂડ તેલનો નવેમ્બર વાયદો રૂ.૧૦૦ વધી રૂ.૭,૪૩૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ગુરૂવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં ૧૦,૦૦,૨૭૯ સોદાઓમાં કુલ રૂ.૭૯,૦૧૩.૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૨૧,૪૭૫.૪૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૫૭૫૧૦.૧૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૨,૦૮,૧૮૭ સોદાઓમાં રૂ.૧૩,૯૯૫.૦૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૭૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૩૭૫ અને નીચામાં રૂ.૫૯,૭૨૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૨૪૫ વધી રૂ.૬૦,૩૧૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૦૯ વધી રૂ.૪૮,૧૮૬ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૮ વધી રૂ.૫,૯૪૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૫ વધી રૂ.૫૯,૯૩૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૧,૮૦૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૨૦૦ અને નીચામાં રૂ.૭૧,૧૦૪ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૨૭૯ ઘટી રૂ.૭૧,૬૧૬ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨૬૪ ઘટી રૂ.૭૧,૬૯૮ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨૮૩ ઘટી રૂ.૭૧,૭૦૪ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૨,૬૩૮ સોદાઓમાં રૂ.૧,૫૪૦.૭૬ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓક્ટોબર વાયદો રૂ.૭૦૦ના ભાવે ખૂલી, રૂ.૦.૧૦ વધી રૂ.૭૦૦.૫૫ જ્યારે એલ્યુમિનિયમ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૨૦૨.૭૦ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ ઘટી રૂ.૧૮૬ના ભાવ થયા હતા. જસત ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ ઘટી રૂ.૨૧૯ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓક્ટોબર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧ ઘટી રૂ.૨૦૩.૭૫ સીસુ-મિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ ઘટી રૂ.૧૮૬.૨૫ જસત-મિની ઓક્ટોબર વાયદો રૂ.૦.૮૫ ઘટી રૂ.૨૧૮.૯૦ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૧,૪૨,૬૮૦ સોદાઓમાં રૂ.૫,૯૧૫.૮૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૭,૩૩૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૪૪૯ અને નીચામાં રૂ.૭,૨૨૧ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૬૨ વધી રૂ.૭,૪૨૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૭૬ વધી રૂ.૭,૪૩૩ બંધ થયો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૫૬ના ભાવે ખૂલી, રૂ.૧૦.૫૦ ઘટી રૂ.૨૪૫.૮૦ અને નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો ૧૦.૬ ઘટી ૨૪૬.૧ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૨૩.૭૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૮,૯૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૯૮૦ અને નીચામાં રૂ.૫૮,૪૨૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૨૪૦ વધી રૂ.૫૮,૬૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૮૦ ઘટી રૂ.૮૮૭.૧૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫,૭૪૮.૧૨ કરોડનાં ૯,૫૮૦.૮૮૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૮,૨૪૬.૯૩ કરોડનાં ૧,૧૪૯.૪૩૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧,૪૨૪.૫૮ કરોડનાં ૧૯,૬૬,૯૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૪,૪૯૧.૩૦ કરોડનાં ૧૭,૪૩,૫૨,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૬૨.૪૯ કરોડનાં ૭,૯૮૯ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૮.૯૧ કરોડનાં ૨,૬૨૪ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૯૮૨.૭૦ કરોડનાં ૧૪,૦૧૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૪૬.૬૬ કરોડનાં ૧૫,૮૨૩ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧.૭૦ કરોડનાં ૨૮૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૨૨.૦૪ કરોડનાં ૨૪૪.૦૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર બંને સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૩૯૫.૩૦૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૭૮.૪૨૪ ટન, તાંબાના વાયદાઓમાં ૨૮,૭૨૫ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૫,૯૬૮ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૧૯૭ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૮,૪૨૧ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૪,૨૩,૭૧૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૬૨,૮૮,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૬,૩૩૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૬૩૨.૫૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૭.૫૧ કરોડનાં ૩૪૮ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૪૧૪ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૫,૮૧૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૮૯૦ અને નીચામાં ૧૫,૭૩૨ બોલાઈ, ૧૫૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫૦ પોઈન્ટ વધી ૧૫,૮૫૮ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૫૭૫૧૦.૧૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૫૩૦.૭૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૪૯૬.૮૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૬૫૬૨.૧૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૦૮૭૯.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૪.૮૬ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૭,૩૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૭૩.૧૦ અને નીચામાં રૂ.૨૭૧ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૨૦.૪૦ વધી રૂ.૩૬૩.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૭૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૧.૪૦ અને નીચામાં રૂ.૩.૭૦ રહી, અંતે રૂ.૬.૬૫ ઘટી રૂ.૪.૦૫ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૩૦૮.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧,૬૪૫ અને નીચામાં રૂ.૧,૨૩૮ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૮૦.૫૦ વધી રૂ.૧,૬૦૧.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓક્ટોબર રૂ.૬૦,૦૦૦

આભાર - નિહારીકા રવિયા સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૪.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૭૦ અને નીચામાં રૂ.૨૩૦ રહી, અંતે રૂ.૬૯.૫૦ વધી રૂ.૩૫૬ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૬૨.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૧૭ ઘટી રૂ.૧,૬૯૩ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૬૫૧ના ભાવે ખૂલી, રૂ.૮૦.૫૦ ઘટી રૂ.૧,૭૨૧ થયો હતો. તાંબુ ઓક્ટોબર રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૪૭ ઘટી રૂ.૨.૭૦ જસત ઓક્ટોબર રૂ.૨૨૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦ કોઈ ફેરફાર વગર રૂ.૦.૦૪ થયો હતો.

## પુજા, પાણી અને પર્યાવરણ ક્ષેત્રે કામ કરતી કુશળ મહિલાઓ માટે 'જલદુર્ગા ગૌરવ' સન્માન કાર્યક્રમ યોજાશે

રોટરી કલબ, પુણે દ્વારા પુજા, પાણી અને પર્યાવરણ ક્ષેત્રે કામ કરતી કુશળ મહિલાઓ માટે 'જલદુર્ગા ગૌરવ' સન્માન કાર્યક્રમ તા. ૨૩, ઓકટોબર, સોમવારનાં રોજ, બી.એમ.સી.એ. આર્કિટેકચર કોલેજ ઓડીટોરીયમ, મહર્ષિ કર્વે શિક્ષણ સંસ્થા, કર્વેનગર, પુણે (મહારાષ્ટ્ર) ખાતે બપોરે ૩—૦૦ થી ૫-૦૦ કલાક દરમિયાન યોજાશે.

પાણી એ જીવનનો દોર છે વધતું જતું શહેરીકરણ અને પાણીની અછત માટેનું આયોજન હાલમાં વિશ્વભરમાં ચિંતાઓનું કારણ બની રહ્યું છે. જેને ધ્યાનમાં રાખીને દેશ અને રાજ્યમાં વિવિધ સ્તરે જળ સંચયના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. નદીઓ અને નહેરોને અલગ-અલગ સ્તરે ઉંડા કરીને ભૂગર્ભમાં વધુમાં વધુ પાણી કેવી રીતે પંપ કરી શકાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

કાર્યક્રમમાં સરીતા મેશ્રામ, મુગ્ધા સરદેશપાંડે, શૈલજા દેશપાંડે, ઈન્દવી તુલપુલેનું તથા સમસ્ત મહાજનનાં ટ્રસ્ટી અને જળ સંરક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર જલતારા પ્રોજેકટ દ્વારા પરતુર અને મંથા તાલુકામાં જળક્રાંતિ કરનાર નૂતનબેન દેસાઈ (ભુસ્તર શાસ્ત્રી)ને પણ સન્માનીત કરવામાં આવશે. આ કાર્યક્રમનો મુખ્ય ધ્યેય લોકો માટે પાણી અને પર્યાવરણના મદ્દાઓને પ્રાથમિકતા આપી તેના માટે કામ કરતા લોકો અને ખાસ કરીને મહિલાઓને પ્રોત્સાહન આપવું અને તેના દ્વારા બીજા લોકોને પ્રેરણા મળે તે માટેનો છે.

## રવિ પાકોની વાવણી પહેલાં રાજ્ય સરકારનો નિર્ણય, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રને નર્મદાનું પાણી અપાશે



અમદાવાદઃ ગુજરાતમાં આ વખતે ચોમાસુ એકંદરે સારૂ રહ્યું છે અને કેટલાક વિસ્તારમાં વરસાદની ઘટ રહી છે.ત્યારે ખેડૂતોનો કપાસ સહિતનો પાક નુકસાન પામ્યો છે. આ બાબતે ગઈકાલે કૃષિમંત્રીએ પણ સ્વીકાર કર્યો હતો.પરંતુ હવે રાજ્ય સરકારે રવિ પાકોના વાવતેર પહેલાં જ મોટો નિર્ણય લીધો છે. રાજ્ય સરકાર ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પીવા તથા સિંચાઈ માટે નર્મદાનું પાણી આપશે. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજ્યમાં આગામી શિયાળાની સિઝનમાં રવિ પાકોના વાવેતર પહેલાં જ ઉત્તર ગુજરાતને 'સુજલામ સુફલામ યોજના' અન?વયે તથા સૌરાષ્ટ્રને 'સૌની યોજના'દ્વારા પીવા તથા સિંચાઈ માટે નર્મદાનું પાણી આગામી ૧૫ માર્ચ ૨૦૨૪ સુધી આપવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. રાજ્ય સરકાર પીવાના હેતુ માટે ૪૫૬૫ MCFT અને સિંચાઈના ઉપયોગ માટે ૨૬૧૩૬ MCFT મળી કુલ ૩૦૮૦૧ MCFT પાણી આપશે.

## આચાર્ય લોકેશજીએ નવનિર્મિત "હેવનલી એન્જલ્સ ચિલ્ડ્રન હોમ"નું ઉદઘાટન કર્યું.



ડીબીસી ટ્રસ્ટ દ્વારા દોરાહા હેવનલી પેલેસ ખાતે નવનિર્મિત "હેવનલી એન્જલ્સ ચિલ્ડ્રન હોમ"નું ઉદ્ઘાટન આદરણીય જૈન આચાર્ય ડૉ. લોકેશ મુનિજી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના ચેરમેન અનિલ મોંગા, ઉપપ્રમુખ કાયલ મોંગા, શ્રીમતી રજની મોંગા, પદ્મ ભૂષણ એવોર્ડથી સન્માનિત જાણીતા કૃષિ અર્થશાસ્ત્રી ડો. સરદારાસિંહ જોહલ, વહીવટી અધિકારી ડો. તનુ જૈન ઉપસ્થિત રહ્યા હતા.

અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક આચાર્ય ડૉ. લોકેશજીએ નવનિર્મિત "હેવનલી એન્જલ્સ ચિલ્ડ્રન હોમ"ના ઉદઘાટન સમારોહને સંબોધતા જણાવ્યું હતું કે, 'સેવા એ પરમ ધર્મ છે. માનવ સેવાથી મોટો કોઈ ધર્મ નથી. તેમણે ડીબીસી ટ્રસ્ટનાં અધ્યક્ષ અનિલ કે મોંગાના વખાણ કરતા તેમણે કહ્યું કે તેમણે ૩૫૦ થી વધુ બાળકો માટે રહેવાની વ્યવસ્થા કરીને એક અદભુત કાર્ય કર્યું છે.

ટ્રસ્ટનાં ચેરમેન અનિલ મોંગા અને ટ્રસ્ટનાં અધિકારીઓએ અમેરિકા અને કેનેડાની શાંતિ સદભાવના યાત્રા પૂર્ણ કર્યા બાદ આચાર્ય લોકેશજીનું પુષ્પાંજલિ અર્પણ કરીને સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના ઉપપ્રમુખ કાઈલ મોંગાએ ઉદઘાટન સત્રને સંબોધતા ટ્રસ્ટની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને આચાર્ય ડો. લોકેશજીનો પરિચય રજૂ કર્યો હતો.

આ પ્રસંગે ટ્રસ્ટના સભ્યો અમૃત ભાંભરી, અમરેન્દ્ર ધીમાન, રાજેશ નરુલા, નિખિલ ગર્ગ, ડીસીપી પાયલ, હરવિંદર સિંઘ, એસ. મો. પાયલ, કુલવીરસિંહ એસ. આઈ, પવનકુમાર એસ. આઈ. અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે, હેવનલી પેલેસના વરિષ્ઠ રહેવાસીઓ અને હેવનલી એન્જલ્સનાં બાળકો દ્વારા ખૂબ જ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો, જેને સૌએ બિરદાવ્યો હતો.

# કેસરિયા ગરબાનું પ્રાંગણ ગરબાપ્રેમીઓથી ઉભરાયું: ૧૪ હજારથી વધુ ખેલૈયાઓ ગરબે ઝૂમ્યા, પાંચમાં નોરતે ૩૦ હજારથી વધુ નાગરિકોની ઉપસ્થિતિ નોંધાઈ



------------

**પાંચમાં નોરતે કેસરિયા ગરબાના આંગણે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, કેબિનેટ મંત્રી શ્રી મુળુભાઇ બેરા, પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી રજનીભાઇ પટેલ પધાર્યા**

------------

**ખેલૈયાઓ ઊઇ કોડ સ્કેન કરીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉપયોગથી ફેસ રેકગનીઝન દ્વારા ફોટોઝ મોબાઈલમાં સીધા ડાઉનલોડ કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરાઈ છે**

------------

આદ્યશક્તિ માં અંબાની આરાધનાના પવિત્ર તહેવાર નવરાત્રિના પાંચમાં દિને કેસરિયા ગરબાનું પ્રાંગણ ગરબાપ્રેમીઓથી ઉભરાયું હતું. ૧૬ હજારથી વધુ ખેલૈયાઓ અવનવા પરંપરાગત વસ્ત્રો સાથે પ્રસિદ્ધ ગાયક પ્રહર વોરાના તાલે ગરબે ઝૂમ્યા હતાં અને જાણે સંસ્કૃતિનો સાગર વહી રહ્યો હોય તેવા અદભૂત દૃશ્યના નાગરિકો સાક્ષી બન્યા હતાં. પાંચમાં નોરતે કેસરિયા ગરબાના આંગણે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, કેબિનેટ મંત્રીશ્રી મુળુભાઈ બેરા, પ્રદેશ ભાજપ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ પધાર્યા હતાં. આ ઉપરાંત માણસાના ધારાસભ્યશ્રી જે. એસ. પટેલ, સાણંદના ધારાસભ્ય કનુભાઈ પટેલ કેસરિયા ગરબામાં ઉપસ્થિત રહ્યા હતાં. પાંચમાં નોરતે ૩૦ હજારથી વધુ નાગરિકોની ઉપસ્થિતિ નોંધાઈ હતી.

કેસરિયા ગરબાના પ્રાંગણમાં ગરબા કરતા ખેલૈયાઓને ફોટોગ્રાફર દ્વારા લીધેલા તેમના તમામ ફોટોઝ સરળતાથી મળી રહે તે માટે ઊઇ કોડ સ્કેન કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગથી ફેસ રેકગનીઝન દ્વારા ફોટા મોબાઈલમાં સીધા ડાઉનલોડ કરી શકાય તેવી વ્યવસ્થા ઉભી કરાઈ છે.



ગાંધીનગર મહાનગરપાલિકાના પેથાપૂર - ચરેડી વિસ્તારના બાળકોને સારું શિક્ષણ અને સંસ્કાર મળી રહે એ હેતુથી અંદાજે રૂ. ૧૬ લાખના ખર્ચે નવી આંગણવાડી થનાર છે. જેનું ખાતમુહૂર્ત મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ કર્યું. આ અવસરે મેયરશ્રી એ જણાવ્યું હતું કે નગરજનો તેમજ બાળકો માટે વિશેષ સુવિધા ઉપલબ્ધ કરાવીને લોક કલ્યાણ અને લોક હિતમાં વધુમાં વધુ વિકાસ થાય તેવી મહાનગરપાલિકાની નેમ છે. આ વેળાએ સ્ટેન્ડિંગ ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, કાઉન્સિલરશ્રીઓ, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## "TRANAATADIA" સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત સ્પોર્ટ્સ સાયન્સ ટીમનું એક ડિવિઝન" અનિયમીત પગાર ફરિયાદ"

અમે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની સ્પોર્ટ્સ સાયન્સ ટીમનો એક ભાગ છીએ જેમને ્ઇછદ્વજીજી્છદ્વૈંછ દ્વારા લેવામાં આવ્યા છે જે ખૂબ જ જાણીતી કંપની છે. તે ખૂબ જ નિરાશાજનક અને અવિશ્વસનીય છે કે અમારા જેવા શિક્ષિત વ્યાવસાયિકોને છેલ્લા પાંચ વર્ષથી સમયસર ચૂકવણી કરવામાં આવી રહી નથી. બે મહિનાથી વધુ સમયથી પગાર ચૂકવવામાં વિલંબ થઈ રહ્યો છે. સમયસર ચુકવણી કર્યા વિના ડિગ્રી ધારકો અને સંબંધિત આરોગ્ય વિજ્ઞાન વ્યાવસાયિકોની નિમણૂક કરવી તે ખૂબ જ અવ્યાવસાયિક અને અનૈતિક છે. આ અંગે અમે અવારનવાર તેઓના ધ્યાન પર લાવ્યા છીએ પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી અને તમામ કર્મચારીઓ હાલાકી ભોગવી રહ્યા છે. આજની સદીમાં કર્મચારીઓને સમયસર પગાર કોણ નથી આપતું?

આ અંગે ગંભીરતાથી કંઈક કરવાની જરૂર છે અથવા તો તમામ કર્મચારીઓ કંપની સામે કોઈક કડક પગલાં લેશે.



**લક્ષ્મીપુરા (ડાંગરવા) પ્રાથમિક શાળામાં બાળકોએ ઉજવી નવલી નવરાત્રી**
**આદ્યશક્તિ ના નવરાત્રી પર્વમાં આજરોજ લક્ષ્મીપુરા (ડાંગરવા) પ્રાથમિક શાળામાં બાળકોએ ગરબા ની ધૂમ મચાવી .નાના નાના ભૂલકાઓ પોતાની આગવી છટામાં ગરબા ગાતા જોવા મળ્યા. જેમાં ગામના વડીલો પણ એમની સાથે ગરબા ગાવા જોડાયા એમણે બાળકોને પ્રોત્સાહન આપ્યું ..ઉપસ્થિત સર્વ ગ્રામજનોનો ખુબ ખુબ આભાર ..આજનો આ કાર્યક્રમ નાની શાળા માટે ગૌરવપૂર્ણ રહ્યો..**



અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનના મહિલા કર્મચારી દિપ્તીબેન ભટ્ટ ને સેટેલાઈટ. ના સચિન ટાવર ગરબા ૨૦૨૩ નુ બેસ્ટ ગરબા પર્ફોનન્સ પ્રાઈઝ એનાયત કરવામા. આવ્યું હતું





નવરાત્રિમાં દેવોના દેવ મહાદેવને કેમ ભૂલાય ? ધોળેશ્વર મહાદેવ અને પાર્વતી માતાજીને ફૂલનો સુંદર શૃંગાર!!!
ગાંધીનગર અને સાબરમતી નદી ના સમીપ આવેલા પૌરાણિક ધોળેશવર મહાદેવ અને. પાર્વતી માતાજી સુંદર ફૂલોની રંગોળી અને હાર દ્વારા કરાયેલ શણગાર જોઈ શીવભકતો એ ધન્યતા અનુભવી હતી પૌરાણિક ધોળેશવર મહાદેવના દર્શને બારેમાસ શિવભક્તો. આવતા હોય છે આવું અખબારી યાદીમાં મનહરસિંહ વાઘેલા અને બિપિનભાઈ નાયક ચાંદખેડાગામ દ્વારા જણાવવામાં આવ્યું છે .

# શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ માત્ર એક જ વર્ષમાં ૫૦ લાખ શ્રમિકોએ મેળવ્યો ?૫માં ભોજનનો લાભ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શક નેતૃત્વ હેઠળ ઓક્ટોબર ૨૦૨૨માં શ્રમિક અન્નપૂર્ણા યોજનાની કામગીરી ફરીથી શરૂ કરવામાં આવી હતી, અને આજે માત્ર એક વર્ષના સમયગાળા દરમિયાન રાજ્યના લગભગ ૫૦ લાખ શ્રમિકો આ યોજના હેઠળ ?૫ માં ભોજનનો લાભ મેળવી ચૂક્યા છે. શ્રમિકોની સુખાકારીને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા બાંધકામની સાઈટ પર ભોજનની ડિલીવરી પણ કરવામાં આવે છે. અત્યારે ૫૦થી વધુ બાંધકામ શ્રમિકો જ્યાં કામ કરતા હોય તેવી બાંધકામ સાઈટ પર ભોજનની ડિલીવરી કરવામાં આવે છે. હાલ, અમદાવાદ, ગાંધીનગર, સુરત અને વડોદરાની ૧૩ સાઈટ પર શ્રમિકો માટે ભોજન પહોંચાડવામાં આવે છે.

★૧૦ જિલ્લાઓમાં ૧૧૮ કડિયાનાકા પર શ્રમિકોને ભોજન★

શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત રાજ્યમાં ૧૦ જિલ્લાઓમાં ૧૧૮ કડિયાનાકા પર ભોજન પ્રદાન કરવામાં આવે છે. આ જિલ્લાઓમાં અમદાવાદ (૪૭ કડિયાનાકા), ગાંધીનગર (૪ કડિયાનાકા), વડોદરા (૧૨ કડિયાનાકા), સુરત (૧૮ કડિયાનાકા), નવસારી (૩ કડિયાનાકા), રાજકોટ (૯ કડિયાનાકા) અને મહેસાણા (૭ કડિયાનાકા), વલસાડ (૬ કડિયાનાકા), પાટણ (૮ કડિયાનાકા) અને ભાવનગર (૪ કડિયાનાકા) નો સમાવેશ થાય છે.



આ યોજના અંતર્ગત શ્રમિકોને ભોજનમાં કઠોળનું શાક, બટાકા અને મિક્ષ શાક, રોટલી, ભાત, અથાણું/મરચાં, ગોળ, દર ગુરુવારે ખીચડી-કઢી તેમજ અઠવાડિયામાં એક વખત સુખડી અથવા તો શીરો આપવામાં આવે છે. પ્રતિ ભોજન અત્યારે સરકાર તરફથી ?૩૭ની સબસીડી ચૂકવીને માત્ર ?૫માં શ્રમિકોને ભોજન પૂરું પાડવામાં આવે છે.

★ઈ-નિર્માણ કાર્ડથી શ્રમિકો મેળવે છે ભોજન★

શ્રમિક અન્નપૂર્ણાના તમામ કેન્દ્રો ઉપર ઈ-નિર્માણ કાર્ડની મદદથી ભોજન શ્રમિકો ભોજન મેળવે છે. કાર્ડનો ક્યુઆર (ઊઇ) કોડ સ્કેન કરાવીને ટિફિનમાં કે સ્થળ પર જ એક સમયનું ભોજન શ્રમિકો મેળવી શકે છે. જે લાભાર્થીઓ પાસે ઈ-નિર્માણ કાર્ડ ન હોય તેમના માટે બૂથ પર જ બાંધકામ શ્રમિકોની હંગામી ધોરણે નોંધણી થાય છે અને ૧૫ દિવસ સુધી તેઓ ભોજન મેળવી શકે છે.



નમસ્કાર મને જણાવતા આનંદ થાય છે કે આજરોજ નેશનલ પેરામેડિકલ એજ્યુકેશન દ્વારા ૧૨૦ થી વધુ યુવા વિદ્યાર્થીઓ મિત્રોનેCPR ટ્રેનિંગ સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે જેનું આયોજન નેશનલ પેરામેડિકલ એજ્યુકેશન દ્વારા કરવામાં આવ્યું હતું અને અપોલો ફાઉન્ડેશન દ્વારા તેની ટ્રેનિંગ આપવામાં આવી હતી
મુખ્ય કારણ આ વિદ્યાર્થી મિત્રો પોતાના વિસ્તાર પોતાની ચાલી સોસાયટીમાં અવેનસ ફેલાવે અને લોકોમાં જાગૃતિ લાવવા માટે કરવામાં આવી હતી લોકોને મદદરૂપ થાય તે હેતુ આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો આયોજક સતીષ શાહ અમદાવાદ એજ્યુકેશન ગ્રુપના પ્રમુખશ્રી (નેશનલ પેરા મેડિકલ એજ્યુકેશનના ચેરમેન શ્રી)ને ગૌતમ મિસ્ત્રી રાષ્ટ્રપતિ પુરસ્કાર સન્માનિત સમાજસેવક નેશનલ પેરામેડિકલ એજ્યુકેશન ડાયરેક્ટર શ્રી દ્વારા સંચાલન કરવા મા આવ્યું હતું જેમાં ૩ દિવસ ટ્રેનિંગ મા ૧૨૦ થી વધુ યુવા વિદ્યાર્થીઓ મિત્રોએ ટ્રેનીંગ પ્રાપ્ત કરી હતી

# પ્રહલાદ નગર વિસ્તારમાં આવેલ ઈન્દ્ર ૫ માં ગરબા ની રમઝટ......



નવરાત્રી ના પહેલા દિવસથી જ ઈન્દ્ર પ્રસ્થ ૫ માં ગરબા ની રમઝટ બોલાવે છે સોસાયટી ના રહીશો અને મેનેજમેન્ટ ના સતત પ્રયતનો આને સાથ સહકાર થી નાના બાળકો યુવાનો બહેનો સિટીઝનો વિવિધ પ્રકારના ગરબા ના તાલે ઝુમી ઉઠ્યા છે ગુજરાત સરકારે પણ ખેલૈયાઓ માટે ટાઈમ વધારે છે ત્યારે આમજનતા માં આનંદ ની લાગણી જોવા મળે છે

પ્રહલાદ નગર વિસ્તારમાં આવેલ ઈન્દ્ર ૫ માં બહેનો એ પોતાના અસલ ડ્રેસમાં ચાચરના ચોકમાં નવિન થીમમાં સમુહમાં ગરબા ગાયને સોસાયટી ના રહીશો ને બે ઘડી સ્તબ્ધ કરી તાળીઓ પાડી આનંદ અનુભવેલ આ પ્રસંગે સોસાયટી ના નેજા હેઠળ સતત દેખરેખ અને પ્રેક્ટિસ ને સફળ બનાવેલ નવરાત્રી ના પહેલા દિવસથી ખેલૈયાઓ માં ના ગરબા ગાય ને આશીર્વાદ મેળવે છે

## સદભાવના વૃદ્ધાશ્રમને નિઃસંતાન, નિરાધાર માવતર જોઈએ છે. નિઃશુલ્ક પ્રવેશ અપાશે.

વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી-નિરાધાર હાલતમાં પોતાનુ જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં), કેન્સરગ્રસ્ત નિઃસંતાન વડીલો માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે.




**અમેરિકામાં ગુજરાત મા?થી એમાંય અમદાવાદમાંથી અમેરિકા સેટલ થયેલા રાજપૂત યુવાનો અમેરિકામાં પણ રાજપૂત તરીકેની ઓળખ રાખી રાજપૂત હોવા નું ગૌરવ જાળવે છે પોતાની કારની નંબર પ્લેટ ની જગ્યા એ. જી જે ૧ બાપુ અંગ્રેજી માં લખાવે છે, આ સિસ્ટમ ઓફિસિયલ મળે છે આ માટે અલગ થી વધારાના ડોલર ભરવા પડે છે. બીજી કાર ને જી જે ૧ જય માતાજી - અંગ્રેજી વાળી નંબર પ્લૅટ. રાખેલ છે. રાજપુત યુવાન નું આ કાર્ય રાજપૂત સમાજ ને ગૌરવ બક્ષે છે, યુવાન અભિનંદન ને પાત્ર છે**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.